# વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી

બ્લોક-૬/૨,ડૉ .જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય,ગાંધીનગર.૩૮૨૦૧૦.
ફોન નં-૦૭૯-૨૩૨૫૧૩૬૧
Mail ID:- cot-trans-mvp@gujarat.gov.intl.

ક્રમાંક:/ડીએ/નવી માંડવાળ ફી/૨૦૧૯/6749
13 SEP 2019

પ્રતિ,
આર.ટી.ઓ./એ.આર.ટી.ઓશ્રી,
ગુજરાત રાજ્ય.

AGTTA
DT. 03-10-2019
File No. : 19

વિષય:મોટર વાહન અધિનિયમ સુધારાએક્ટ નં.૩૨/૨૦૧૯ હેઠળ અમલવારી કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, મોટર વાહન અધિનિયમ સુધારાએક્ટ નં.૩૨/૨૦૧૯ થી મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ માં સુધારા થયેલ છે. જેના કારણે મોટર વાહન કાયદા હેઠળના ગુન્હાઓ સંબંધમાં દંડની જોગવાઇમાં ફેરફાર થયેલ છે.આ ફેરફાર ધ્યાને લઇ મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ ની કલમ-૨૦૦ હેઠળ મળેલ સત્તાની રૂએ રાજય સરકારે અગાઉનું તા.૫-૨-૨૦૧૬ નું જાહેરનામું રદ્દ કરી તા.૧૨-૦૯-૨૦૧૯ ના રોજ નવું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. આ જાહેરનામાથી મોટર વાહન કાયદાની કલમો તથા તેની સામેની માંડવાળ ફી – સમાધાન શુલ્કની જોગવાઈઓ જણાવવામાં આવેલ છે.આ જાહેરનામાનીતમામ જોગવાઇઓની ચૂસ્ત અમલવારી તા.૧૬-૯-૨૦૧૯ થી કરવાની થાય છે.

આ જાહેરનામાની સમગ્ર રાજ્યમાં એકસૂત્રતાથી અમલવારી થાય તે હેતુથી માનનીય મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષતામાં અને વાહન વ્યવહાર તથા પોલીસના ઉચ્ચ અધિકારીઓશ્રીઓની હાજરીમાં તા.૧૩-૦૯-૨૦૧૯ના રોજ વીડિયો કોન્ફરન્સ યોજાયેલ. જેમાં ઉપસ્થિત થયેલા કેટલાંક મુદાઓ પરત્વે સ્પષ્ટતા હેતુસર તથા અમલવારીમાં કોઇ અર્થઘટનનો પ્રશ્ન ઉભો ન થાય તે માટે નીચે મુજબ જણાવવામાં આવે છે.

૧. ચાલુ વાહને મોબાઇલનો ઉપયોગ કરવાના પ્રથમ ગુન્હાની માંડવાળ ફી રૂ.૫૦૦/- અને ત્યારપછીના ગુન્હા માટેની માંડવાળ ફી રૂ.૧૦૦૦/- છે.

૨. રોંગ સાઇડ ડ્રાઇવીગ ટ્રાફિક માટે ભયજનક છે. આ ગુન્હાની ટુ વ્હીલર-થ્રી વ્હીલર, એલએમવી, અન્ય વાહનો અંગેની પ્રથમ અને ત્યારપછીના દરેક ગુન્હાની માંડવાળ ફી અનુક્રમે રૂ.૧૫૦૦/- ,રૂ.૩૦૦૦/- અને રૂ.૫૦૦૦/- છે.

૩. સીટબેલ્ટ પહેર્યા વગર વાહન ચલાવનાર તથા ફ્રન્ટ સીટમાં બેસનાર વ્યકિતના કેસમાં માંડવાળ ફી રૂ.૫૦૦/- છે.

૪. હેલમેટ પહેર્યા વગર વાહન ચલાવનારના કેસમાં માંડવાળ ફી રૂ.૫૦૦/- છે.

૫. જો વાહન માલિક/ડ્રાયવર દ્વારા ગુનો આચરવામાં આવે અને દસ્તાવેજો કબજે લેવાની જરૂરિયાત ઊભી થાય તેવા કિસ્સામાં કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ-૧૩૯- મુજબ ૧૫ દિવસમાં દસ્તાવેજ રજૂ કરી શકાય છે અથવા ઈલેક્ટ્રોનિક ફોર્મમાં પણ રજૂ કરી શકાય છે.આ નિયમના વધુ સ્પષ્ટીકરણ માટે ભારત સરકારે તા.૦૮.૦૮.૨૦૧૮ તથા તા.૧૯-૧૧-૧૮ થી અલગથી સૂચના પણ આપી છે.

(એ) કોઇપણ નાગરિક પાસે ગણવેશમાં હોય તેવા પોલીસ અધિકારી અથવા રાજય સરકારે ચેકીંગ માટે અધિકૃત કરેલા હોય તેવા અધિકારી ધ્વારા માંગવામાં આવે ત્યારે તે નાગરિક રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, વીમો, ફીટનેશ, પરમીટ, પીયુસી સર્ટીફીકેટ ભૌતિક સ્વરૂપ માં અથવા ઇલેકટ્રોનીક સ્વરૂપમાં રજુ કરી શકે છે. વધુમાં ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે ડીપાર્ટમેન્ટના તા.૦૮.૦૮.૨૦૧૮ના પત્રથી ડીજીલોકર અથવા એમ પરિવિહિન એપ પ્લેટફોર્મથી રજુ થયેલ ડ્રાઈવીંગ લાયસન્સ ને રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ વગેરે દસ્તાવેજોને કાયદાકીય અધિકૃતતા આપવામાં આવેલ છે અને ડીજીલોકર/એમ-પરિવહન એપનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે સૂચનાઓ આપેલ છે.

(બી) જો વાહન માલિક/ડ્રાયવર દ્વારા ગુનો આચરવામાં આવે અને દસ્તાવેજો કબજે લેવાની જરૂરિયાત ઊભી થાય તેવા કિસ્સામાં એન્ફોર્સમેન્ટ એજન્સી આ દસ્તાવેજોને VAHAN/SARATHI ડેટાબેઝ પરથી ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં મેળવી શકશે. આ દસ્તાવેજોને ફીઝીકલ સ્વરૂપમાં સીઝ કરવાની જરૂરીયાત રહેશે નહિ.

(સી) ઈ-ચલણ સોફટવેરમાં ડોક્યુમેન્ટ ઈમ્પાઉન્ડનું ઓપ્શન ઉપલબ્ધ છે. જયારે વાહન-ચાલક પાસ ડોક્યુમેન્ટ ડીજીટલ સ્વરૂપે હોય અને ઈમ્પાઉન્ડ કરવાના હોય ત્યારે ઈ-ચલણ સોફટવેરમાં ડોક્યુમેન્ટ ઈમ્પાઉન્ડની નોંધ કરવાની રહે. આ નોંધ વાહન ૪.૦ સોફટવેરમાં એલર્ટ સ્વરૂપે રીફલેક્ટ થશે. આથી જો વાહન પર કોઈ ટ્રાન્ઝેકશન કરવાનું હોય તો વાહન ૪.૦માં એલર્ટ આવશે જેથી ટ્રાન્ઝેકશન અટકાવી શકાય.

અમલવારી વખતે ઉપરોકત સૂચનાઓ ધ્યાનમાં લેવા વિનંતી.

નકલ સામેલ છેઃ-

તા.૧૨-૦૯-૨૦૧૯ ના જાહેરનામાની નકલ

(નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ)

ખાસ ફરજ પરના અધિકાર

વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ સવિનય રવાના:

૧. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, બ્લોક-નં.૧,૨જો માળ નવા સચિવાલય, ગાંધીનગર.

૨. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (કૃષિ,ગ્રામ વિકાસ અને વાહન વ્યવહાર ) સ્વર્ણિમ સંકુલ -૧ બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

૩. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (રા.ક.) વાહન વ્યવહાર સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર

૪. અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.૨જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

૫. મુખ્ય પોલીસ અધિકારીશ્રી અને પોલીસ મહા નિર્દેશકશ્રી,પોલીસ ભવન, ગુજરાત રાજય,ગાંધીનગર તરફ તાબાની કચેરીઓ તરફ જરુરી સૂચનાઓ આપવાની વિનંતી સહ.

૬. તમામ ડીસ્ટીકટ મેજીસ્ટેટશ્રી અને જિલ્લા કલેકટરશ્રીઓ.ગુજરાત રાજય.- જાણ તથા અમલવારી સારૂ.